7

દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

---

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે બેઠક મળેલ. જેમાં નીચે મુજબના એજન્ડા મુજબ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. આ બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષચર-૧ મુજબ છે. નાયબ સચિવશ્રી (સ.સુ.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ, નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૨. <u>એજન્ડા નં. ૧</u> :- <u>સામાન્ય વહીવટ વિભાગ</u> હસ્તકના રહસ્ય સચિવ (વર્ગ-૨), અંગત મદદનીશ (વર્ગ-3) તથા ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર (વર્ગ-3) માટે ભારત સરકાર દ્વારા સ્ટેનોગ્રાફર સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારમાંથી Blind (B) , Low vision (LV), Hard of Hearing (HH) તથા Mental Illness (MI) ને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા બાબતે તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

- <u>કાર્યવાહી</u>: સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રહસ્ય સચિવ (ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧), વર્ગ-૨, અંગત મદદનીશ (ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨), વર્ગ-૩ તથા ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર, વર્ગ-૩ સંવર્ગોમાં Blind, Low vision, Hard of Hearing તથા Mental Illness દિવ્યાંગતાને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂઆત કરવામાં આવી. તજજ્ઞ સમિતિના સભ્યો દ્વારા આ દિવ્યાંગતા વિશે અધિકારીશ્રીઓને સમજ આપવામાં આવી તથા ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, સામાન્ય વહીવટ હસ્તકના ઉક્ત ત્રણ સંવર્ગોમા B, LV, HH તથા MI દિવ્યાંગતાના પ્રકાર ધરાવતી વ્યક્તિને મુક્તિ આપવાની દરખાસ્તનો અસ્વીકાર કરી નીચે મુજબની દિવ્યાંગતાને માન્ય રાખવા મંજૂરી આપી.

| સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | રહસ્ય સચિવ (ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧) | ૨ | ૧૯૬ | - | - | OA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, ASD(m), MD involving (a) to (d above | B, LV | HH (40-70)% | OA, OL, BL, OAL, BLOA CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | અંગત મદદનીશ (ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨) | 3 | ૩૫૯ | - | - | OA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, ASD(m), MD involving (a) to (d) above | B, LV | HH (40-70)% | OA, OL, BL, OAL, BLOA CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| 3 | ગુજરાતી/ અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | 3 | ૪૧ | - | - | OA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, ASD(m), MD involving (a) to (d) above | B, LV | HH (40-70)% | OA, OL, BL, OAL, BLOA CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |

**3. <u>એજન્ડા નં. ૨</u> :- <u>નાણાં વિભાગ</u> હેઠળની હિસાબ અને તિજોરી નિયામકની કચેરી હસ્તકના ચાર સંવર્ગોમાં તથા વીમા નિયામકની કચેરી હસ્તકના છ સંવર્ગોમાં ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાના પ્રકારને મુક્તિ આપવા બાબતે તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.**

<u>કાર્યવાહી</u>:- નાણાં વિભાગ હેઠળની હિસાબ અને તિજોરી નિયામકની કચેરી તથા વીમા નિયામકની કચેરી હસ્તકના સંવર્ગોમાં ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના સંવર્ગો માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પર ચર્ચા કરવામાં આવી તથા નાણાં વિભાગ હસ્તકના નીચેના સંવર્ગોમાં BA (Both Arm) દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપી, નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખેલ છે.

**નાણાં વિભાગ હેઠળની વીમા નિયામકની કચેરી હસ્તકના (ક્રમ ૧ થી ૪) તથા હિસાબ અને તિજોરી નિયામકની કચેરી હસ્તકના (ક્રમ ૫ થી ૧૦) સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D &E | A | B | C | D & E |
| ૧ | સહાયક વીમા નિયામક | ૨ | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૨ | શ્રેયાન તાંત્રિક મદદનીશ | 3 | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| 3 | કન્યાન તાંત્રિક મદદનીશ | 3 | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૪ | જુનિયર ક્લાર્ક | ૩ | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | હિસાબ અને તિજોરી નિયામક હસ્તકના વર્ગ -૧ ના સંવર્ગ | ૧ | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૬ | હિસાબ અને તિજોરી નિયામક હસ્તકના વર્ગ -૨ ના સંવર્ગ | ૨ | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૭ | હિસાબનીશ | 3 | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૮ | નાયબ હિસાબનીશ | 3 | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૯ | પેટા હિસાબનીશ | 3 | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૧૦ | જુનિયર ક્લાર્ક | 3 | - | HH | OA, OL, BL, OAL, LC, Dw, AAV, MDy. | - | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)% |

૪. એજન્ડા નં. 3 :- મહેસૂલ વિભાગ હેઠળની સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક કચેરી હસ્તકના ચાર સંવર્ગો ડી.આઇ.એલ.આર. (વર્ગ-૨), સરવેયર (વર્ગ-3), સિનિયર સરવેયર (વર્ગ-3) તથા કલાર્ક (વર્ગ-3) સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા તથા અમુક દિવ્યાંગતાના પ્રકારને મુક્તિ આપવા બાબતે તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

કાર્યવાહી: મહેસૂલ વિભાગ હેઠળની સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક કચેરી હસ્તકના ચાર સંવર્ગોમાં ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂઆત કરવામાં આવી. તજજ્ઞ સમિતિ દ્વારા મહેસૂલ વિભાગની અમુક દિવ્યાંગતાના પ્રકાર માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્તને નામંજૂર કરી, ભારત સરકારના નોટિફિકેશનને ધ્યાને લઇ, નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખેલ છે.

| મહેસૂલ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ | વિભાગની દરખાસ્ત | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા |

| | | | જગ્યાઓ | A | B | C | D &E | A | B | C | D & E |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડઝ | ૨ | ૨૩૫ | - | HH | OA, OL, LC, AAV, | SLD | - | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૨ | સિનિયર સરવેયર | 3 | ૬૮૫ | - | HH | OA, OL, LC, AAV, | SLD | - | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI (40-70)%, MD (40-70)% |
| 3 | સરવેયર | 3 | ૨૦૮૧ | - | HH | OA, OL, LC, AAV, | SLD | - | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૪ | ક્લાર્ક | 3 | ૨૪૨ | - | HH | OA, OL, LC, AAV, | SLD | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP LC, Dw, AAV | ASD(M), SLD, MI (40-70)%, MD (40-70)% |

૫. <u>એજન્ડા નં. ૪</u> :- <u>ગૃહ વિભાગ</u> હસ્તકના કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડસના મહેકમ પરની સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર, વર્ગ-૩ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત પર પેટા તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

<u>કાર્યવાહી</u>: ગૃહ વિભાગ હસ્તકના કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડસના મહેકમ પરની સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર, વર્ગ-૩ સંવર્ગમાં, સંવર્ગની કામગીરી ધ્યાને લઇ દિવ્યાંગતાના પ્રકાર માન્ય રાખવામાંથી મુક્તિ આપવા બાબતે ગૃહ વિભાગ દ્વારા તજજ્ઞ સમિતિને રજૂઆત કરવામાં આવેલ. તજજ્ઞ સમિતિ દ્વારા સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર સંવર્ગની કામગીરી અંગે ચર્ચા કરી, દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની દરખાસ્તનો અસ્વીકાર કરી, નીચે મુજબની દિવ્યાંગતાને માન્ય રાખવામાં આવેલ છે.

| ગૃહ વિભાગ હેઠળના કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડસના મહેકમ હસ્તકના નીચે મુજબના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર | 3 | ૫૧ | ગૃહ વિભાગ દ્વારા દિવ્યાંગતાના પ્રકાર માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત કરવામાં આવેલ. | | | | - | - | LC, AAV | - |

૬. <u>એજન્ડા નં. ૫</u> :- <u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ</u> હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના આઠ સંવર્ગોમાં, ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાના પ્રકારને મુક્તિ આપવા બાબતે તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

<u>કાર્યવાહી</u>: - સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના આઠ સંવર્ગોમાં ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક

દિવ્યાંગતાના પ્રકારને મુક્તિ આપવાની દરખાસ્તનો તજજ્ઞ સમિતિ દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો તથા આ તમામ સંવર્ગોમાં ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, નીચે મુજબની દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ નિયામક | ૧ | ૧૫ | LV | HH | OA,OL, BL,OAL, CP,LC, Dw,AAV | SLD, MD | **B, LV** | **D, HH** | **OA, OL, BL, OAL, LC, CP, Dw, AAV** | **MI** (40-70)%, **MD** (40-70)%, |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૩૮ | LV | HH | OA,OL, BL,OAL, CP,LC, Dw,AAV | SLD, MD | **B, LV** | **HH** (40-70)% | **OA, BA, OL, LC, CP, Dw, AAV** | **SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |
| 3 | આચાર્ય | ૨ | ૨૮ | LV | HH | OA,OL, BL,OAL, LC, Dw, AAV | SLD, MD | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, LC, Dw, AAV** | **SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | 3 | ૧૬૮ | LV | HH | OA,OL, BL,OAL, CP,LC, Dw,AAV | SLD, MD | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, LC, Dw, AAV** | **SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | 3 | ૧૭૬ | LV | HH | OA,OL, BL,OAL, CP,LC, Dw,AAV | SLD, MD | **B, LV** | **HH** (40-70)% | **OA, BA, OL,OAL, CP, LC, Dw, AAV** | **SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |
| ૬ | સીનીયર ક્લાર્ક | 3 | ૩૪ | LV | HH | OA,OL, BL,OAL, CP,LC, Dw, AAV | SLD, MD | **B, LV** | **D, HH** | **OA, BA, OL,BL, OAL, CP, LC, Dw, AAV** | **ASD (M), SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |
| ૭ | જુનીયર ક્લાર્ક | 3 | ૧૦૧ | LV | HH | OA, OL, OAL, CP, Dw, AAV | SLD, MD | **B, LV** | **D, HH** | **OA, BA, OL,BL, OAL, CP, LC, Dw, AAV, MDy** | **ASD (M), SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |
| ૮ | શિક્ષણ સંચાલિકા | 3 | ૨૦ | LV | HH | OA, OL, OAL, CP, Dw, AAV | SLD, MD | **B, LV** | **D, HH** | **OL, BL, CP, Dw, AAV,** | **ASD (M), ID, SLD** **MI** (40-70)%, **MD** (40-70)%, |

૭. <u>Code and functional classification</u>:- Blind (**B**), [Low vision (**LV**) **(40-70)%**] Deaf (**D**), [Hard of hearing(**HH**) **(40-70)%**], [Locomotor disability (**LD**) :- **OA**(one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA**(both legs and arms) , **BLOA**( both legs one arm), **OABL**(one arm both legs), **BAOL**(both arms one leg), **BABL**(both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack

victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability(**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**),
[Autism Spectrum Disorder **(ASD) M**-Mild, **MoD**-Moderate],
[Multiple Disabilities **(MD)** :- Disabilities included in group **(A)** to **(D)** )**(40-70)%**].

૮. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની નાયબ સચિવશ્રી(સ.સુ.)એ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(દિનેશ પરમાર)
સંયુક્ત સચિવ અને સભ્ય
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

(પ્રકાશ સોલંકી)
નિયામક
સમાજ સુરક્ષા ખાતું

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી વતી.

(વી.જે.રાજપુત)
કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

## એનેક્ષચર-૧

તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. નિયામકશ્રી, સમાજ સુરક્ષા
4. સંયુક્ત સચિવશ્રી (રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
5. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ

બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગ, મહેસૂલ વિભાગ, નાણાં વિભાંગ, ગૃહ વિભાગ તથા વિભાગના વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગના સંબધિત અધિકારીઓ - કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.